ક્રમાંક : જી/૭૨૫/ટ્રાફીક/૬૫૦/૨૦૧૫
પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, શાહીબાગ
અમદાવાદ શહેર તા. ૧૮/૩/૨૦૧૫

વિષય : ટ્રાન્સપોર્ટ વાહનોની હેડલાઇટને પીળો પટ્ટો કરવાની જોગવાઇ રદ કરવા બાબત

હવાલો : (૧) પોલીસ મહાનિરીક્ષકશ્રી (કાયદો અને વ્યવસ્થા), ગુ.રા. ગાંધીનગરના તા.૨.૩.૨૦૧૫ ના પત્ર ક્રમાંક : ૧૮૬/એસ.ટી.બી./આર.બી./જાહેરનામું/૭૬/૧૫

(૨) કમિશ્નરશ્રી વાહન વ્યવહાર, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ડીએ/ હેડલાઇટ / પીળોપટ્ટો / જીએમવીઆર (૨૦૨)/(૨)/૧૦૧૬ તા.૧૧.૦૨.૨૦૧૫ આધારે

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, ગુ.રા. ગાંધીનગરના તા.૧૩.૧૨.૧૯૯૬ ના નોટીફિકેશન નં. આર એન્ડ ડી-જીએમવીઆર-૨૦૨(૨) થી ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર વાહનો સિવાયના વાહનોના હેડલાઇટ પર પીળોપટ્ટો તેમજ કાળા ટપકાં લગાવવાની જોગવાઇ કરવામાં આવેલ હતી જે પરત્વે વાહન વ્યવહાર કચેરીના તા.૧૭.૧૨.૧૯૯૬ ના પત્ર ક્રમાંક:ડીએ-હેડલાઇટ-પીળોપટ્ટો-ચેકીંગ-૧૨૨૮૨ થી રાજ્યની તમામ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીને આ જોગવાઇનો અમલ કરવા બાબતે સૂચના આપવામાં આવેલ હતી.

કેન્દ્રીય મોટર વાહન નિયમો-૧૯૮૯ માં થયેલા અદ્યત્તન સુધારા, કેન્દ્ર સરકારશ્રીનો અભિપ્રાય, પોલીસ ખાતાનો અભિપ્રાય તથા આધુનિક ટેકનોલોજીની પરિસ્થિતિ લક્ષમાં લઇ કાળજી પુર્વકની વિચારણાનાં અંતે ઉપરની મુજબની તમામ જોગવાઇઓ વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીના <u>તા.૨૧.૨.૨૦૧૫ ના પત્ર ક્રમાંક: એમવીપી-જીએમવીઆર-૨૦૨(૨) ૪૮૦</u> થી રદ કરવામાં આવેલ છે. જેથી હવે પછીથી આ જાહેરનામાં મુજબ ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર વાહનો સિવાયના તમામ વાહનોની હેડલાઇટ પર પીળોપટ્ટો તેમજ કાળા ટપકાં લગાવવાની જોગવાઇ રદ કરવામાં આવેલ છે. જેથી હવે પછીથી કોઇ હે.કો./પો.કો./મ.સ.ઇ. આ બાબતે વાહન ચાલકને પૂછપરછ કે મેમો આપવો નહી. દરેક મ.સ.ઇ./પો.સ.ઇ./પો.ઇ./એ.સી.પી. શ્રીએ આ અંગે સક્રીય દેખરેખ રાખવાની રહેશે. જો તેમના વિસ્તારમાં કોઇપણ પોલીસ કર્મચારી આ પ્રકારનો મેમો આપશે તો તેમની જવાબદારી પણ ગણવામાં

આવશે. આથી દરેક એ.સી.પી.શ્રી/ પો.ઇ.શ્રી/પો.સ.ઇ.શ્રી એ પોતાના તાબામાં ફરજ બજાવતા તમામ
આ અંગેની સમજ કરી પત્રની નકલ આપી સહી લેવી અને તેનું રેકર્ડ જાળવવું. તેમજ દરેક રોલકોલમાં
સૂચના વખતે જાહેરમાં સમજ કરવા સુચના છે.

(હરિકૃષ્ણ પટેલ)
અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ શહેર

પ્રતિ,

1. તમામ થાણાં ઇન્ચાર્જશ્રી, અમદાવાદ શહેર
2. તમામ વિક્ટરશ્રી, ટ્રાફીક શાખા, અમદાવાદ શહેર
3. તમામ રોયલશ્રી, ટ્રાફીક શાખા, અમદાવાદ શહેર
4. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર
5. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના</u> :

1. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૦૧,અમદાવાદ શહેર
2. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૦૨,અમદાવાદ શહેર
3. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, મુખ્ય મથક, શાહીબાગ, અમદાવાદ શહેર

Akhil Gujarat Truck Transport Association
R. 20-3-15

ક્રમાંક/ડીએ/હેડલાઇટ/પીળોપટ્ટો/જીએમવીઆર(૨૦૨/(૨)/૬૮૯૫
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૬
બીજે માળ, સચિવાલય, ગાંધીનગર.
તા. -૩-૨૦૧૫.

**તાત્કાલીક/અગત્યનું.**

18 MAR 2015

પ્ર તિ,
સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,

------------------.

વિષય:-ટ્રાન્સપોર્ટ વાહનોની હેડલાઇટને પીળોપટ્ટો કરવાની જોગવાઇ રદ્ કરવા બાબત.
સંદર્ભ:- (૧) અત્રેની કચેરીના નોટીફીકેશન નં.આરએન્ડડી-જીએમવીઆર-૨૦૨(૨), તા.૧૩-૧૨-૯૬.
(૨) અત્રેની કચેરીના પત્ર નં.ડીએ-હેડલાઇટ-પીળોપટ્ટો-ચેકીંગ-૧૨૨૮૨, તા.૧૭-૧૨-૯૬.
(૩) અત્રેની કચેરીના નોટીફીકેશન નં.એમવીપી-જીએમવીઆર-૨૦૨(૨) ૪૮૦,તા.૨૧-૧-૧૫.
(૪) અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંક-ડી.એ.-હેડલાઇટ-પીળોપટ્ટો-જીએમવીઆર-૨૦૨-(૨)-૧૦૧૬, તા.૧૧-૨-૧૫

શ્રીમાન,

ઉપરોકત વિષયે તમામ પ્રકારનાં વાહનોમાં હેડલાઇટ પર પીળોપટ્ટો અને કાળા ટપકા લગાવવાની જોગવાઇ સંદર્ભ-૩ નાં જાહેરનામાંથી રદ્ કરવામાં આવેલ છે. જે અન્વયે સંદર્ભ-૪ થી આ જોગવાઇ હવે રદ્ કરવામાં આવેલ છે. તેની જાણ તથા અમલ કરવા જણાવેલ છે.

આમ છંતાય વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે, હવેથી તમામ પ્રકારનાં વાહનોમાં હેડલાઇટ પર પીળોપટ્ટો અને કાળા ટપકા લગાવવાની જરુર રહેતી નથી. તેથી તે લગાવવામાં આવેલ ન હોય તો કોઇ ગુન્હો નોંધવાનો રહેશે નહીં. જેનો તાત્કાલીક અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાના:- પ્ર તિ,
(૧) અધિક પોલીસ મહાનિર્દેશક, (કાયદો અને વ્યવસ્થા) પોલીસ ભવન, ગાંધીનગરને જાણ સારુ.
(૨) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ૨, સરદાર પટેલ ભવન, ૯ મો માળ, સચિવાલય, ગાંધીનગરને જાણ સારુ.
(૩) અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, ૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ, અમદાવાદને જાણ તેમજ તેઓના સભ્યોને આ જાહેરનામાથી વાકેફ કરવા સારુ.

:પુરબિયા:૪૯:૩૨૪:

Akhil Gujarat Truck Transport Association

R: 23-3-15

Extra No. 23

વાર્ષિક લવાજમનો દર રૂ.૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LVI ]** **THURSDAY, JANUARY 22, 2015/MAGHA 2, 1936**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-B**

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

**COMMISSIONER OF TRANSPORT**

Gujarat State

**Notification**

Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, 21st January, 2015

**GUJARAT MOTOR VEHICLES RULES, 1989.**

No. MVP / GMVR-202 (2) / 480 : In exercise of the powers conferred by sub-section (2) of rule 202 of the Gujarat Motor Vehicles Rules, 1989, the Commissioner of Transport, Gujarat State hereby rescinds the Director of Transport, Gujarat State notification No. R&D/GMVR-202 (2) dated 13th December, 1996.

This order shall come into force from the date of the publication of this notification in the Gujarat Government Gazette.

- Sd -

**KAMAL DAYANI**

Commissioner of Transport,
Gujarat State, Gandhinagar.

**કમિશ્નર ઓફ ટ્રાન્સપોર્ટ,**

**ગુજરાત રાજ્ય,**

ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. ૨૧-૧-૨૦૧૫

**ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯.**

નં.એમવીપી-જીએમવીઆર-૨૦૨(૨)-૪૮૦ - ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯નાં નિયમ-૨૦૨નાં પેટા નિયમ (૨) થી મળેલ સત્તાની રૂઈએ વાહન વ્યવહાર કમિશ્નર ગુજરાત રાજ્ય ડાયરેકટર ઓફ ટ્રાન્સપોર્ટ, ગુજરાત રાજ્યનાં નોટીફીકેશન નં. આરએન્ડડી-જીએમવીઆર-૨૦૨(૨) તા. ૧૩-૧૨-૧૯૯૬ આથી રદ્દ કરેલ છે.

આ હુકમ ગુજરાત રાજ્યના રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

**કમલ દયાની,**

કમિશ્નર ઓફ ટ્રાન્સપોર્ટ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.